


## સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાનું આગમન

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં આજે મેઘરાજાએ પધરામણી કરતા લોકોમાં આનંદ છવાયો હતો. બુધવારે બપોરે ૧ વાગે ઝરમર ઝરમર વરસાદ વરસવાની શરૂઆત થતા લોકોએ ખુલ્લામને વરસાદમાં ભીંજાઈને આનંદ માણ્યો હતો. પ્રથમ દિવસે સારો વરસાદ પડતા ખેડૂતો અને વેપારીઓમાં પણ ખુશીનો માહોલ સર્જાયો હતો. જો કે ચોમાસામાં હિંમતનગર શહેરના ભૂંડા હાલ થવાની શક્યતા છે. કારણ કે ઠેર ઠેર ગટર લાઈનો ખોદી હોવાથી ભુવા પડવાની અને રસ્તાઓ ખરાબ થવાની શક્યતાઓને લઈ શહેરીજનો ચિંતીત છે.

# બનાસકાંઠામાં બારકોડેડ રેશનકાર્ડ ગ્રાહકો માટે જ મુશીબત બની જવા પામ્યું છે

## દર માસે અંગુઠો મારવા જે તે સસ્તા અનાજની દુકાને જવાનું : બનાસકાંઠાને ૧૦૦ ટકા બારકોડેડ બનાવી ડીએસઓને એવોર્ડ મેળવવો છે

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લામાં નવિન બારકોડેડ રેશનકાર્ડનું અમલીકરણ કરવામાં આવ્યુ ંછે. જેમાં સમગ્ર ગુજરાતમાં માત્ર એક બનાસકાંઠાના ડી.એસ.ઓ. પટેલે ૧૦૦ ટકા બારકોડેડ જિલ્લો કરીને તેનો અમલ કરી દેવાયો છે. રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે ગુજરાતના પ્રથમ બારકોડેડ જિલ્લો જાહેર કરીને એવોર્ડ મેળવવાની લ્હાયમાં ૧૦૦ ટકા બારકોડેડ જિલ્લો ઘોષિત તો કર્યો પણ રાશન મેળવવા માટે ગ્રાહકોને પહેલા કરતા દસ ગણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જે અધિકારીઓને ક્યાં દેખાય છે. જેમાં આ સીસ્ટમના કારણે કેટલા કાર્ડ ધારકો અનાજથી વંચિત રહેવા લાગ્યા છે. સસ્તા અનાજની દુકાનદારોના ત્યાં ધક્કા કાવામાં જ પુરા થઈ ગયા છે.

બનાસકાંઠામાં ૧૦૦ ટકા બારકોડેડ રાશન કાર્ડ અમલમાં લેવાયા છે. જેમાં જિલ્લાના વડામથક પાલનપુર ખાતે આવેલ ૩૮ સસ્તા અનાજની દુકાનો પૈકી માત્ર પાંચ જેટલી જ દુકાને ગ્રાહકોને અંગુઠાનું નિશાન મારવા જવાનું અને ત્યાંથી કાપલી મેળવીને બે દિવસ બાદ અનાજનો કેરોસીનનો જથ્થો





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મેળવવાનો. જેમાં વયોવૃદ્ધ ગ્રાહકો ૬૦, ૭૦, ૮૦ વર્ષના ગરીબ ગ્રાહકો લાકડીના ટેકાથી અથવા પરીવારના સભ્યના સહારે જે તે સસ્તા અનાજની દુકાને આવીને લાંબી લાઈનોમાં ઉભા રહે છે. જેમાં શહેરના બહાદુરગંજ વિસ્તારમાં આવેલ પી.એમ. ચૌહાણ સંચાલકની સસ્તા અનાજની દુકાનમાં સવારના ૧૦ કલાકથી આજ કંટ્રોલના ગ્રાહક ચેહરાભાઈ દેસાઈ ઉં. ૬૨ લાઈનમાં ઉભા હતા. અને જ્યારે તેમનો નંબર આવ્યો ત્યારે તેમના ફીંગર કોમ્પ્યુટરમાં મેચ ન થતાં તેમને કાપલી ન આપતાં ત્રણ કલાક સુધી ઉભેલા વડીલે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારે સંચાલકે તેમને જિલ્લા સેવા સદનમાં જઈને ફોર્મ ભરીને મામલતદારમાં જવાનું કહેતા ચેહરાભાઈએ મીડીયા સમક્ષ રોષ વ્યક્ત કર્યો હતો અને જણાવેલ કે સરકારની સ્કીમ બોગસ સ્કીમ છે. ગ્રાહકોને પરેશાન કરવાની સ્કીમ છે. મે આપેલ અંગુઠાનું નિશાન મારાજ અંગુઠાથી મેચ ન થાય તે ટેકનીકલ તંત્રનો પ્રોબ્લેમ છે. મારો નહી. જ્યારે એક ૯૦ વર્ષના મહેરન્નીસાબેન જેઓ માંડ માંડ ચાલી શકે છે. તેઓને પણ પોતાના પરીવારના યુવક સાથે આવીને તડકામાં બેસીને અંગુઠાનું નિશાન આપેલ અને મિડીયાને જણાવેલ કે અમારી રીટાયર્ડ ઉંમરે આ રીતે આવવું પડે છે. જે અમને ખુબજ મુશ્કેલીઓ સર્જે છે. અને દર માસે આવવું પડશે. તેના કરતાં અનાજ લેવું જ ન જોઈએ. તેવું થાય છે. પણ અનાજના જથ્થા માટે ક્યાં જઈએ.

શહેરની ૩૮ દુકાનો પૈકી માત્ર ચાર કે પાંચ જ દુકાનોમાં અંગુઠાનું નિશાન લેવાનું ચાલુ કરાતાં ચાર-પાંચ સસ્તા અનાજની દુકાનોના ગ્રાહકો એક સાથે આવતા અવ્યવસ્થા સર્જાઈ હતી. જ્યારે હોબાળો સર્જાતા પુરવઠાના અંકુરભાઈ મહિવાલ આવીને પરિસ્થિતિનું સમાધાન કર્યું હતું. જ્યારે આ અંગુઠાના નિશાન લેનારા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ બેજ પર મુકવામાં આવ્યા છે. તેઓ પણ દરેક કાર્ડની કાપલી કાઢવાના પાંચ રૂપિયા લે છે. જેમાં સવારથી બપોરના બે કલાક સુધી ત્રણ-ત્રણવાર સરવર ડાઉન થતાં કાળઝાળ ગરમીમાં કાળઝાળ ગરમીમાં ગ્રાહકો સરવર ચાલુ થવાની રાહ દેખીને બેસી રહે છે. આ તમામ સમસ્યાનો સમયનો નાણાંની તકલીફો આ બારકોડેડના કારણે ગ્રાહકોને જ ભોગવવી પડે છે. ડીએસઓએ તો જિલ્લાને ૧૦૦ ટકા બારકોડેડ બનાવવાનું ઘોષિત કર્યું છે. અને રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે એવોર્ડ મેળવવાના સ્વપ્રામાં વ્યસ્ત બન્યા છે.




## હિંમતનગરમાં દબાણ હટાવો ઝુંબેશ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે આજે જિલ્લા તંત્રના અધિકારીઓએ દબાણકારો સામે લાલ આંખ કરી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરી છે.

હિંમતનગર શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે સાબરકાંઠા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અજયપ્રકાશ દ્વારા દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા એક અઠવાડીયાથી ચાલતી ગેરકાયદેસર દબાણ હટાવો ઝુંબેશના કારણે દબાણો દૂર થતા રસ્તાઓ ખુલ્લા થઈ જવા પામ્યા છે. પ્રાંત અધિકારીની આગેવાની હેઠળ મામલતદાર પટેલ, નાયબ મામલતદાર દેવેશભાઈ પટેલ, પાટીલ, જગદીશભાઈ મકવાણા સહિત નગરપાલિકા અને પોલીસ કાફલાએ શહેરના ટાવર સ્ટેશન રોડ, ન્યાય મંદિર વિસ્તારમાં દબાણો દુર કરી રસ્તાઓ ખુલ્લા કર્યા હતાં. (તસવીર : મગનજી વણઝારા)

## ભિલોડા તાલુકાની રામનગર હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા, તા.૧૨

ભિલોડા તાલુકાની શેઠ શ્રી જે.એમ.તન્ના વિદ્યાલય,રામનગર હાઈસ્કુલનું એચ.એસ.સી.માર્ચ ૨૦૧૩ નું પરીણામ ૯૦.૨૪ ટકા આવેલ છે.પ્રથમ નંબરે પ્રણામી સોનલ આર. ૮૬.૫૭ ટકા મેળવી ભિલોડા તાલુકામાંઉત્કૃષ્ઠ દેખાવ કરેલ છે.પ્રણામી જયશ્રી કે.૮૫.૫૭ ટકા દ્વિતીય, વણઝારા હિતેશ એમ. ૮૧ ટકા મેળવી તૃતીય સ્થાન મેળવી શાળાનુંતેમજ ગામનું ગૌરવ વધારેલ છે. શેઠ શ્રી જે. એમ. તન્ના વિદ્યાલય, રામનગર આચાર્ય એ. પી. પટેલ, પ્રમુખ હિંમતભાઈ પટેલ સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા મામલતદાર એ.કે.જોષી, ભિલોડા એસ.ડી.બસ ડેપો મેનેજર રઘુવીરસિંહજી ચૌહાણ,રીટાબેન સોલંકી,બાલાભાઈ મારીવાડ,ભિલોડા તાલુકા ગાયત્રી પરીવારના સેવાભાવી કાર્યકરો, ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ અને ફોરેસ્ટ વિભાગના નાઈ સાહેબ સહિત સ્ટાફ પરીવાર તેમજ મુસાફરો મોટી સંખ્યામાં વૃક્ષારોપણના કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.

# જેતડાના પાટીયે બસમાંથી ઉતરેલ મુસાફરનું ટ્રકની ટક્કરે મોત

ડીસા, તા. ૧૨

ડીસા-થરાદ હાઈવે રોડ પર આવેલ જેતડા ગામના પાટીયા પાસે બસમાંથી ઉતરી રોડ ઓળંગી રહેલા મુસાફરને પુરઝડપે આવી રહેલ ટ્રકના ચાલકે ટક્કર મારતાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રકચાલક ટ્રક સાથે ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ થરાદ તાલુકાના જેતડાગામના પાટીયા પર બપોરના ૧૨ વાગ્યાના સુમારે નકુભા જાડેજા બસમાંથી ઉતરી હાઈવે રોડ ઓળંગી રોડ ઓળંગી રહ્યા હતા ત્યારે માતેલા સાંઢની જેમ પુરઝડપે આવી રહેલ ટ્રક (જીજે-૮-યુ-૨૫૬૬)ના ચાલકે ધડાકાભેર નટુભાને ટક્કર મારતાં તેમને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. આથી તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. અકસ્માત સર્જ્યા બાદ ટ્રકચાલક ટ્રક સાથે ફરાર થઈ ગયો હતો. આ બાબતે બાદરસિંહ બળવંતસિંહ ચૌહાણ (રહે. જેતડા,તા. થરાદ) ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવતા થરાદ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે થરાદ-સાંચોર અને થરાદ-ડીસા હાઈવે પર બેફામ ગતિએ દોડતા પેસેન્જર વાહનો ટ્રકો અને જીપડાલાઓને અડફેટમાં અનેક લોકોએ પોતાના જીવ ખોયા છે. જીવ સટોસટનો ખેલ ખેલતા હોય તેમ વાહનો દોડાવતા વાહન ચાલકોને વશ કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે. અને અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે લોકોના જીવનદીપ બુઝાઈ રહ્યા છે.

# શામળાજીમાં આર્ટસ કોલેજનો શુભારંભ

## પ્રથમ સત્રથી પાંચ વિષયોમાં એમ.એ. રેગ્યુલરની મળતાં આનંદની લાગણી

ભિલોડા,તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા અને શામળાજી પંથકના અંતરીયાળ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓની શિક્ષણની ભુખ સંતોષવા શામળાજી પ્રદેશ કેળવણી મંડળ ધ્વારા આર્ટસ કોલેજની સ્થાપના જુન-૧૯૮૯ થી કરવામાં આવી હતી.આ કોલેજ હરણફાળ પ્રગતિ કરતી વિકાસ કરતી આજે ૨૫૦૦ જેટલી સંખ્યાને આંબી જવા પામી છે.આ વર્ષે આ કોલેજને ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,સંસ્કૃત અને સમાજ શાસ્ત્ર મુખ્ય વિષયોમાં/ગૌણ વિષયમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ધ્વારા એમ.એ.રેગ્યુલર અભ્યાસક્રમ માટે મંજુરી મળતાં આનંદની લાગણી પ્રસરી છે.આ કોલેજમાં ચાલતા મુખ્ય/ગૌણ વિષયમાં આગળ અનુસ્નાતક અભ્યાસ માટે ૨૫-૨૫ કિલોમીટર સુધી કોઈ જ સુવિધા ન હોવાથી પ્રિ.ડૉ.અજયકુમાર કે.પટેલના અથાગ પ્રયત્નોથી અનુસ્નાતક રેગ્યુલર અભ્યાસકેન્દ્રની મંજુરી મળતાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ ના પ્રથમ સત્રથી આ કેન્દ્રમાં અભ્યાસક્રમ શરૂ થશે.પ્રવેશ અંગેની કાર્યવાહી પણ શરૂ થઈ હોવાથી ભિલોડા તાલુકાના શામળાજી વિસ્તારના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## ગાયત્રી પરીવાર દ્વારા એસ.ટી.બસ ડેપોમાં સફાઈ અભિયાન-વ્યસનમુક્તિનો ભગીરથ કાર્યક્રમ યોજાયો

અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર,શાંતિકુંજ હરીદ્વાર પ્રેરીત સ્વાસ્થ્ય આંદોલન અંતર્ગત વ્યસનમુક્તિ અને સફાઈ આંદોલન કાર્યક્રમ હેઠળ ભારતભરમાં આપેલ કાર્યક્રમ મુજબ ગુજરાત રાજ્યના દરેક જીલ્લા,તાલુકા મથક ખાતે આવેલા એસ.ટી.બસ ડેપોમાં સફાઈ અભિયાન અને વ્યસનમુક્તિનો ભગીરથ કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાત રાજ્યના તમામ જીલ્લા અને તાલુકાના એસ.ટી.બસ ડેપોમાં સફાઈ ઝુંબેશ અને વ્યસન મુક્તિનો કાર્યક્રમ યોજાયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૯૩૧ |
| મગ | ૮૬૧ | ૯૭૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૮ |
| બાજરી | ૨૪૦ | ૨૯૯ |
| વરીયાળી | ૧૧૩૧ | ૧૨૭૧ |
| જુવાર | ૩૫૦ | ૩૮૮ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૮૨૦ | ૯૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૫ |
| બાજરી | ૨૪૫ | ૨૬૫ |
| ડાંગર નવા | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગરગુજ | ૩૨૦ | ૩૬૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૬૦ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૨૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૬૫ | ૨૯૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૫ |
| બાજરી | ૨૬૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૩૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૦ | ૩૪૦ |
| ઘઉં૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૬૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૧ |
| મગફળી | ૭૮૧ | ૮૫૩ |
| મગ | ૧૦૨૫ | ૧૦૭૫ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૦૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૫ |
| બાજરી | ૨૬૫ | ૩૦૬ |
| મકાઈ | ૨૫૫ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૧ |
| મગફળી | ૭૨૧ | ૯૨૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૪૯ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૪૧૬ |
| ચણા | ૬૫૦ | ૭૯૦ |
| જુવાર | ૩૭૫ | ૪૧૯ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૭ |
| મગફળી | ૮૦૦ | ૯૦૯ |
| ગવાર | ૧૧૫૦ | ૧૧૯૯ |
| મગ | ૧૦૦૦ | ૧૧૩૭ |
| ચણા | ૫૪૦ | ૫૯૯ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૭૦ | ૨૮૯ |
| ઘઉં | ૩૧૧ | ૩૪૦ |
| ડાંગર | ૨૭૦ | ૨૭૫ |
| એરંડા | ૭૦૫ | ૭૧૦ |
| ગવાર | ૧૧૪૧ | ૧૧૭૬ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૫ | ૬૭૦ |
| જુવાર | ૩૧૦ | ૩૫૦ |
| રાયડો | ૫૨૫ | ૫૬૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૭૦ | ૨૮૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૫ |
| ડાંગર | ૨૬૫ | ૨૭૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૫ |
| ગવાર | ૧૧૩૫ | ૧૧૭૦ |
| મકાઈ | ૨૧૦ | ૨૬૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૦૫ | ૩૪૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૭૨૦ | ૯૧૭ |
| એરંડા | ૬૯૫ | ૭૧૫ |
| મગ | ૯૯૫ | ૧૦૩૦ |
| બાજરી | ૨૬૨ | ૨૭૪ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૬૬ |
| ડાંગર ગુજ | ૨૫૦ | ૩૦૦ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૬૨ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૯ |
| એરંડા | ૬૮૫ | ૭૦૩ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| મગફળી | ૮૦૦ | ૯૩૫ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૦૦ |
| જુવાર | ૩૨૫ | ૩૬૦ |
| મગ | ૯૦૦ | ૯૮૦ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૪૦૨ |
| બાજરી | ૨૬૭ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૭૧૦ |
| રાયડો | ૬૨૪ | ૬૪૨ |
| રાજગરો | ૮૦૦ | ૧૦૧૭ |
| જુવાર | ૫૫૦ | ૬૩૫ |
| મગફળી | ૭૬૦ | ૯૩૨ |
| ગવાર | ૧૨૩૮ | ૧૩૨૦ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મેથી | ૫૫૦ | - |
| અસાળીયો | ૪૭૧ | ૬૨૫ |
| વરીયાળી | ૭૬૦ | ૯૧૫ |
| જવ | ૨૩૦ | ૨૭૯ |
| તલ | ૧૭૫૫ | ૨૦૦૧ |
| રાયડો | ૫૯૮ | ૬૪૬ |
| એરંડા | ૬૭૦ | ૭૨૧ |
| ગવાર | ૧૧૮૩ | ૧૩૦૪ |
| ઘઉં | ૨૮૮ | ૫૧૦ |
| બાજરી | ૨૫૫ | ૨૯૧ |
| જુવાર | ૩૫૦ | ૫૨૨ |
| જીરૂ | ૧૯૮૫ | - |
| ઈસબગુલ | ૧૧૦૫ | - |
| સવા | ૬૦ | ૬૮૪ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૯૮ |
| બાજરી | ૨૨૦ | ૨૯૫ |
| રાયડો | ૬૦૦ | ૬૮૦ |
| એરંડા | ૬૮૫ | ૭૧૩ |
| જુવાર | ૩૦૦ | ૫૪૧ |
| તલ | ૧૮૫૧ | ૧૯૦૦ |
| મગ | ૧૦૧૧ | - |
| મેથી | ૫૦૦ | ૫૩૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૧ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૭૯૯ |

| મહેસાણા | | |
|---|---|---|
| જવ | ૨૭૨ | - |
| જુવાર | ૩૫૧ | ૪૫૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૦૮ |
| જીરૂ | ૧૮૯૫ | ૨૩૭૮ |
| રાયડો | ૫૬૬ | ૬૨૬ |
| મેથી | ૫૨૬ | - |
| સવા | ૬૨૪ | ૭૦૦ |
| વરીયાળી | ૯૦૧ | ૧૦૨૬ |
| બાજરી | ૨૫૦ | ૨૮૪ |
| એરંડા | ૬૮૦ | ૭૦૭ |
| અજમો | ૩૦૦ | ૧૩૬૬ |
| ગવાર | ૧૧૪૦ | ૧૨૨૫ |
| બંટી | ૩૫૦ | ૩૬૦ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૮ | ૩૬૨ |
| બાજરી | ૨૩૯ | ૨૮૧ |
| રાયડો | ૬૦૫ | ૬૨૧ |
| એરંડા | ૬૮૭ | ૬૯૮ |
| ગવાર | ૧૨૪૫ | ૧૨૯૧ |
| જુવાર | ૩૪૦ | ૩૪૫ |

| જોટાણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૪ | ૩૫૫ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| રાયડો | ૫૯૩ | ૬૧૯ |
| બાજરી | ૨૨૫ | ૨૬૦ |
| ગવાર | ૧૧૭૮ | ૧૨૦૭ |

| હારીજ | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૨૮ |
| ઈસબગુલ | ૯૭૫ | - |
| રાયડો | ૬૨૨ | ૬૫૦ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| સાસટો | ૩૨૫ | ૪૧૭ |
| બાજરી | ૨૪૦ | ૨૭૩ |
| ઘઉં | ૩૦૦ | ૪૪૧ |
| ગવાર | ૧૨૨૫ | ૧૩૦૦ |
| ચણા | ૫૫૫ | ૬૧૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |
| સવા | ૬૦૦ | ૬૯૫ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૨ |
| એરંડા | ૬૮૭ | ૬૯૭ |
| બાજરી | ૨૫૦ | ૨૮૬ |
| રાયડો | ૬૦૦ | ૬૧૨ |
| ડાંગર | ૨૭૫ | ૩૬૫ |
| ગવાર | ૧૨૦૧ | ૧૨૬૧ |
| જુવાર | ૩૭૦ | ૪૨૬ |
| જવ | ૨૪૫ | ૨૫૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૫ | ૨૬૫ |
| મતાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૫૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૩૮૯ |
| વરીયાળી | ૫૭૦ | ૧૫૨૨ |
| બંટી | ૩૯૦ | ૪૦૭.૫૦ |
| રાયડો | ૫૯૦ | ૬૬૦ |
| એરંડા | ૬૬૦ | ૭૩૦ |
| ઘઉં | ૩૦૦ | ૪૬૦ |
| જુવાર | ૩૨૫ | ૪૦૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૫ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૮૬ |
| મેથી | ૫૨૦ | - |
| સવા | ૫૫૦ | ૭૭૫ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૬૬ | ૨૭૪૦ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૮૧ |
| ઈસબગુલ | ૧૦૩૦ | ૧૫૨૧ |
| સરસવ | ૬૧૧ | ૬૯૧ |
| રાયડો | ૫૮૫ | ૬૭૧ |
| મેથી | ૫૪૧ | - |
| તલ | ૧૬૦૦ | ૨૨૧૧ |
| સવા | ૭૦૦ | - |